
## આજનું પંચાંગ

**તિથિ સંવત**
**આસો** સુદ 12, રવિવાર, 28-09
**વિક્રમ** સંવત : 2070
**ખ્રિસ્તી** સંવત : 2014
**શક** સંવત : 1936
**રાષ્ટ્રીય** દિનાંક : 5




**ગ્રહની ચાલ : સૂર્ય**-કન્યા | **નક્ષત્ર**-વિશાખા | **યોગ**-વિષ્કુંભ | **કરણ**-વિષ્ટિ
**રાહુકાલ :** 16.59થી 18.29 સુધી, **દિશાશૂલ :** પશ્ચિમ
**આજની ચંદ્ર રાશિ** : તુલા **નામાક્ષર** : ર, ત (ક. 17.22 પછી વૃશ્ચિક - ન, ય)
**શુભ ચોઘડિયા :** સવારે 08.01થી 9.31 ચલ, 9.31થી 11.01 લાભ, 11.00થી 12.30 અમૃત, 13.59થી 15.30 શુભ.

### સૂર્યોદય-સૂર્યાસ્ત

| શહેર | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત | ચંદ્રોદય | ચંદ્રાસ્ત |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | 06-31 | 07-19 | 18-28 | 09-51 | 21-20 |
| સુરત | 06-29 | 07-17 | 18-28 | 09-48 | 21-22 |
| વડોદરા | 06-28 | 07-16 | 18-26 | 09-48 | 21-19 |
| મુંબઈ | 06-29 | 07-17 | 18-28 | 09-45 | 21-24 |

## આજનું રાશિફળ

■ શ્રદ્ધા જાની-ગીરા નાગર

**મેષ** શુભ રંગ : લાલ અશુભ અંક : 1-8
**નામાક્ષર - અ, લ, ઈ** |ધંધા-વ્યવસાયમાં નવા સાહસો કરવા નહીં. રોકાણો કરી શકો. કોઇપણ બાબતમાં તાત્કાલિક નિર્ણય લેવો નહીં. આવક વૃદ્ધિ થાય.

**વૃષભ** શુભ રંગ : સફેદ અશુભ અંક : 2-7
**નામાક્ષર - બ, વ, ઉ** | એક કામ પૂરું થતાં બીજું કામ આવે. દિવસ વ્યસ્ત અને સફળ રહે. સ્નેહીજનો સાથે વાતચીત દ્વારા નિકટતા કેળવી શકો.

**મિથુન** શુભ રંગ : લીંબુ અશુભ અંક : 3-6
**નામાક્ષર - ક, છ, ઘ** |ગુસ્સા પર નિયંત્રણ હિતાવહ છે. નકારાત્મકતાને દૂર રાખવી. મનની વાત માનવી. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન દાખવવી.

**કર્ક** શુભ રંગ : દૂધીયો અશુભ અંક : 4
**નામાક્ષર - ડ, હ** |સંબંધોમાં હકારાત્મકતા અને મદદ કરવાની ભાવના રાખવી. આપના વિચારો પર પૂરો વિચાર કરીને તેની તૈયારી કરી અને આગળ વધો. સફળતા મળે.

**સિંહ** શુભ રંગ : સોનેરી અશુભ અંક : 5
**નામાક્ષર - મ, ટ** | આપનું હકારાત્મક વલણ સંબંધોને મજબૂત બનાવે. તણાવથી મુક્તિ મળે. નાની-નાની બાબતમાંથી સંતોષ અને ખુશી મેળવી લેવી.

**કન્યા** શુભ રંગ : લીલો અશુભ અંક : 6-3
**નામાક્ષર - પ, ઠ, ણ** |કાયદાકીય બાબતોમાં સલાહ લઇ કે પૂરી ચકાસણી કરી આગળ વધવું. આપ દ્વિધા અનુભવો. કંઇ મેળવવા જતા પહેલા તેનાથી બમણું આપવું પડે.

**તુલા** શુભ રંગ : સફેદ અશુભ અંક : 7-2
**નામાક્ષર - ર, ત** | આધ્યાત્મમાં મન પરોવાય. કાર્યક્ષેત્રે આપનું કામ કોઇ બીજું લઇ જાય તેવું બને. ઉશ્કેરાવું નહીં. લગ્નજીવન સુમેળ ભર્યું રહે. હૃદય-મનની પ્રસન્નતા રહે.

**વૃશ્ચિક** શુભ રંગ : લાલ અશુભ અંક : 8-1
**નામાક્ષર - ન, ય** |વ્યસ્ત દિવસ રહે. વિદ્યાર્થીઓ નવા આયોજનો કરી શકે. આપના નિર્ણયોમાં અડગ રહેવું. નવી કાર્યરચના આપને માનસિક રાહત આપે.

**ધન** શુભ રંગ : પીળો અશુભ અંક : 9-12
**નામાક્ષર - ભ, ધ, ફ, ઢ** |આપના કાર્યોનો ખાસ કરીને લેખિત હોય તો તેની નકલ આપની પાસે હોય. કાર્યક્ષેત્રે ધીરજ પૂર્વક કામ લેવું. ચિંતા મુક્ત રહેવાનો પ્રયાસ કરવો.

**મકર** શુભ રંગ : વાદળી અશુભ અંક : 10-11
**નામાક્ષર - ખ, જ** |નાની-નાની બાબતોને જતી કરવી. મનગમતી પ્રવૃત્તિ કરવી. લગ્નજીવન સુમેળ ભર્યું રહે. ભાગીદારીના વ્યવસાયમાં લાભ થાય.

**કુંભ** શુભ રંગ : વાદળી અશુભ અંક : 11-10
**નામાક્ષર - ગ, સ, શ, ષ** |નવી તકો પ્રાપ્ત થાય. જે આપની પ્રગતિનું કારણ બને. આપ જે ઇચ્છો છો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું અને તે દિશામાં આગળ વધવું. શુભ દિવસ.


**મીન** શુભ રંગ : પીળો અશુભ અંક : 12-9
**નામાક્ષર - દ, ચ, ઝ, થ** |સહકર્મચારીઓ સાથે મનભેદ થઇ શકે. સાવધાની અને ધીરજપૂર્વક કામ લેવું. આપના માટે બીજા નિર્ણય ન લે તેનું ધ્યાન રાખવું.

**આજની ટીપ:** આજે શુક્રનો અસ્ત થાય છે અને વીંછુડો હોઇ કોઇપણ કામની શરૂઆત કરવી નહીં.

**માહિતી અધિકાર હેલ્પલાઈન નંબર: 99240 85000**
**ભવિષ્ય જાણવા મોબાઈલ પર DB ASTRO લખીને 7333 પર SMS કરો**

## ક્રોસવર્ડ-3599

■ ભૂપેન્દ્ર શાહ 'શંભુ'




**આડી ચાવી :**
1. દુર્ગાદેવીનું સ્તોત્ર - સપ્તશતી (4)
3. અમદાવાદ ત્રણ દરવાજા સામે વસનારી માતા (4)
5. જે કરે ..... તે પામે મેવા (2)
6. રવાના થવું તે, વિદાયગીરી (4)
9. નીતિમાન હોવું તે (4)
11. યુદ્ધ, જંગ, લડાઈ (અં) (2)
12. રાજમુગટ, ક્રાઉન (2)
14. એક તેજાનો (2)
16. વડોદરાના રાજવીઓની અટક (5)
19. અતિથિ, પરોણો (4)
21. ડોક્ટર આપે, મેડિસિન (2)
22. ઢોર-પશુ જેવું (3)
23. સોકટી, કૂકરી (2)
25. અભણ, અંગૂઠા છાપ (4)
27. બગીચો, વાડી (3)
28. રસોઈ કરનાર પુરુષ (4)

**ઊભી ચાવી :**
1. છતનું રંગબેરંગી કપડું (4)
2. પવિત્ર, શુદ્ધ (3)
3. એક માતાજી, પાર્વતી (3)
4. હંમેશ, સદા, નિત્ય (3)
7. સારો વાર કે પર્વ (6)
8. હિંદુ ધર્મનું પવિત્ર પુસ્તક ભગવદ્ ..... (2)
10. કપાળે કરાતો ચાંદલો (3)
13. સ્થળ, સ્થાન, ઠેકાણું (2)
15. એકઠું થયેલું, ડિપોઝિટ (2)
17. વિશ્વાસ, ભરોસો (3)
18. મુસાફરોને લૂંટનાર (5)
19. હાથીનું બચ્ચું (4)
20. સરોવર કે નદીમાંથી ખોદેલો મોટો કાંસ (3)
24. નિંદા, વગોવણી (2)
26. નુકસાન, હાનિ (2)
27. મૃગી, ફેફરું, હિસ્ટીરિયા (2)

### જવાબ ક્રોસવર્ડ 3598

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| હી | રા | બા | | પા | | પૂ | ન | મ |
| ટ | બ | | શ્ર | વ | ણ | | વ | દ |
| ર | | જી | | લી | | દ્વા | | દ |
| | સુ | વા | સ | | મ | ર | જી | |
| ફ | રે | | ફા | ગ | ણ | | વ | ર્ણ |
| | ખા | ત | રી | | કો | ચી | ન | |
| હે | | વો | | ફા | | ન | | ચો |
| મં | દી | | કા | ય | દો | | ક | પ |
| ત | ન | ક | | દો | | બિ | લા | ડી |

### બસ સ્ટેન્ડ સામેના કોમ્પ્લેક્ષમાં મોબાઈલની દુકાનમાંથી તસ્કરો 27 લાખના મોબાઈલ ચોરી ગયાં

# નડિયાદમાં તસ્કરો ત્રાટક્યાં : 27 લાખની ચોરી

### તસ્કરોએ લાખો રૂપિયાના મોબાઈલ ચોર્યા હોવાની નોંધાયેલી ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ


નડિયાદ શહેરના બસ સ્ટેન્ડ સામે આવેલ ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષના ભોંયરામાં વિકાસ સેલ્સ નામે મોબાઈલની દુકાનમાં શુક્રવારની રાત્રિએ અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા અને દુકાનમાં મુકેલ મોંઘાદાટ મોબાઈલો લઈને પલાયન થઈ ગયા હતા. જુદી જુદી કંપનીઓના અંદાજે રૂ. 27.76 લાખના મોબાઈલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે દુકાનના માલિક જ્યારે દુકાન પર આવ્યા ત્યારે ઘટનાની જાણ થતાં તેઓએ પોલીસને બોલાવી હતી અને અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બનતાં સમગ્ર નગરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.




શહેરમાં આવેલી મોબાઇલની દુકાનમાં રાત્રિના સમયે તસ્કરોએ લાખો રૂપિયાની ચોરી કરી જતાં નગરમાં ખળભળાટ મચી ગયો છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર નડિયાદ શહેરમાં બસ સ્ટેન્ડ સામે આવેલ ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષના ભોંયરામાં વિકાસ સેલ્સ નામની દુકાન આવેલી છે. આ દુકાનમાં શુક્રવારની રાત્રિએ અજાણ્યા ઈસમો દ્વારા દુકાનનું તાળું તોડીને અંદર પ્રવેશી મોબાઈલોની ચોરી કરી હતી. આ દુકાનના માલિક કિરણભાઈ જોષી (રહે.ઉતરસંડા)નાઓ પોતાના નિત્યક્રમ પ્રમાણે શનિવારે સવારે દુકાને પહોંચ્યા હતા. જ્યાં દુકાનનું શટર તુટેલ જોતાં તેઓને શંકા જતાં શટર ખોલીને જોયુ હતું. ત્યારે તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા અને દુકાનમાંથી મોબાઈલોની ભારે માત્રામાં ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જેથી તેઓએ નડિયાદ પોલીસ મથકે જાણ કરી હતી અને પોલીસ પણ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ વાત વાયુવેગે નગરમાં પ્રસરતાં નગરજનોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા તેમજ આકોમ્પલેક્ષમાં પણ ભારે ભીડ થઈ ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર બાબતની માહિતી મેળવી હતી. જેમાં દુકાનમાં મુકેલ સેમસંગ, આઈ.ફોન, એપલ તેમજ એચ.ટી.સીના જુદા જુદા મોબાઈલો મળીને કુલ 150 થી વધુ મોબાઈલોની ચોરી થઈ હતી. જેની કિંમત અંદાજે રૂ. 27,76,300 હોવાનું જાણવા મળ્યુ હતું. આ બનાવ સંદર્ભે નડિયાદ શહેર પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડોગ સ્કવોર્ડ-ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોની મદદ



**નડિયાદના** કોમ્પલેક્ષમાં થયેલ મોબાઈલની દુકાનમાં ચોરીનો આંક લાખ્ખો રૂપિયાએ પહોંચી જતાં ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોને પણ બોલાવ્યા હતા અને તેઓએ આ દુકાનની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

### સી. સી. ટીવી કેમેરા હોવા છતાં તે બંધ

**ત્રિમૂર્તિ** કોમ્પલેક્ષમાં આ મોબાઈલની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાડાયા હતા. સામાન્ય રીતે મોબાઈલ તેમજ અન્ય એવી દુકાનોમાં સીસીટીવી કેમેરા લગાવવાની સુચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે આ મોબાઈલ શોપમાં પણ સીસીટીવી કેમેરા લગાડાયા હતા પરંતુ રાત્રિ દરમિયાન જ્યારે ચોરી થઈ હતી ત્યારે આ કેમેરા જ બંધ હતા. જેથી ચોરનું કોઈ પગેરૂ શોધવામાં પોલીસને પણ ભારે મહેનત કરવી પડશે.

### આણંદમાં કાયમ માટે જોવા મળતુ બોર્ડ ' કામ ચાલુ છે. રસ્તો બંધ છે. '




આણંદ શહેરમાં મોટા ભાગે રસ્તાઓ ઉપર બારે માસ ખોદકામ ચાલતું જ હોય છે. જ્યાં જુઓ ત્યાં 'કામ ચાલુ છે. રસ્તો બંધ છે.'ના બોર્ડ મૂકેલા જોવા મળતાં હોય છે. શહેરમાં લક્ષ્મી ચાર રસ્તા પાસે હાલમાં ખોદકામ ચાલી રહ્યું છે. જેને લઇને આ રસ્તો બંધ કરવામાં આવ્યો છે. જેને લઇને આજુબાજુના રહીશોને અવર જવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ કામ સત્વરે પુરુ કરવામાં આવે તેમ આ વિસ્તારના રહીશો ઇચ્છી રહ્યાં છે.

# બાકરોલમાં ગાડી ધીમે ચલાવવાનું કહેતાં દંગલ

### વિદ્યાનગર પોલીસે છ ઈસમ સામે રાયોટીંગનો ગુનો નોંધ્યો

ભાસ્કર ન્યૂઝ.આણંદ

આણંદ તાલુકાના બાકરોલ ખાતે પુરઝડપે બાઇક લઇને પસાર થવાની બાબતે ઠપકો આપતાં છ ઈસમોએ ઘાતક હથિયારોથી હુમલો કરી દંગલ મચાવતાં ખળભળાટ મચી ગયો હતો. બનાવને લઈને પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

વિદ્યાનગર પોલીસના જણાવ્યાં મુજબ બાકરોલ ખાતે મોટી ભાગોળ વિસ્તારમાં હજયાત્રીઓ વિદાય સમારંભ ચાલતો હતો. જેને લઈને અનેક લોકો ભેગા થયાં હતાં. દરમિયાન બાકરોલ ગામના ચેતનભાઇ નામનો ઈસમ ત્યાંથી પોતાની ગાડી લઇને પુરઝડપે પસાર થયો હતો. ગાડીની સ્પીડ વધુ હોઈ અકસ્માતનું જોખમ જણાતાં મંજુરખાન નસરૂલ્લાખાન પઠાણે ગાડીના ચાલકને અટકાવી ગાડી ધીમેથી ચલાવવા માટે જણાવ્યું હતું. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થતાં ચેતનભાઇએ ફોન કરી પોતાના મળતિયાઓને બોલાવી લીધાં હતાં. ચેતનના મળતિયાઓ હાથમાં ટોમી, લોખંડની પાઈપ જેવા મારક હથિયારો સાથે ધસી આવ્યાં હતાં. આ ઈસમોએ ઠપકો આપનાર મંજુરખાન પઠાણે અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, જે તે સમયે મોટેરાઓની સમજાવટથી મામલો થાળે પડી ગયો હતો. બાદમાં મંજુરખાન પઠાણે વિદ્યાનગર પોલીસ મથકે જઇ ફરિયાદ નોંધાવતાં પોલીસે બાકરોલના ચેતનભાઇ, ધર્મેશભાઇ રમેશભાઇ, રાજેશભાઇ શનાભાઇ બુસ્ટર, જીતેશભાઇ જયંતિભાઇ, દિવ્યેશભાઇ જીમ્મી અને અનિલભાઇ રમેશભાઇ સામે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ડાકોરમાંથી પિસ્તોલ સાથે ઝડપાયેલને 30મી સુધી રિમાન્ડ

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

ડાકોરમાંથી ઘાતક શસ્ત્ર તથા જીવતાં કારતૂસ સાથે ઝડપાયેલાં રાજસ્થાનના યુવકને પોલીસે નડિયાદની કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરતાં ન્યાયાધીશે 30મી સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસે ડાકોર ગોધરા રોડ પર આવેલાં મહાકાળી મંદિર પાસેથી રાજસ્થાનના વિષ્ણુકુમાર ઊર્ફે પપ્પુ રાધેશ્યામ વૈષ્ણવ (શર્મા) (રહે.ગંગપુર)ને દેશી બનાવટની ઓટોમેટિક પિસ્તોલ તથા 4 જીવતાં કાર્ટિજિસ સાથે ઝડપી પાડ્યો હતો. જેને શુક્રવારે સાંજના નડિયાદની કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડની માગણી કરતાં ન્યાયાધિશે 30મી સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# પહેલાં નોરતાંએ જ ખાનપુર મંદિરમાં ચોરીથી ખળભળાટ

### તસ્કરો વહેલી સવારે માતાજીના ઘરેણાં અને દાનપેટીની રોકડ ચોરી જતાં ગ્રામજનોમાં રોષ

ભાસ્કર ન્યૂઝ.આણંદ

બોરસદ તાલુકાના ખાનપુર ખાતે આવેલાં તૂળજા માતાના મંદિરમાંથી ગતરાત્રે તસ્કરો માતાજીના આભૂષણ ચોરી જતાં ખળભળાટ મચી ગયો હતો.

ખાનપુર ખાતે ચબુતરી પાસે તૂળજા માતાનું મંદિર આવેલ છે. દરમિયાન ગુરુવારે રાત્રે નવરાત્રિના ગરબા દોઢ વાગ્યે પુરા થયાં હતાં. ત્યાર બાદ વહેલી સવારે કોઇ તસ્કરોએ માતાજીના મંદિરમાં દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી માતાજીની મૂર્તિ ઉપરથી એક મૂગટ, છત્ર, હાર તેમજ દાનપેટીની રોકડ મળી કુલ 5260 રૂપિયાની મત્તા ચોરી ફરાર થઈ ગયાં હતાં. વહેલી સવારે પાંચ વાગ્યે આરતી માટે મંદિર ખોલવા આવેલા પૂજારીએ મંદિરનો દરવાજો ખૂલ્લો જોઇ તેમજ માતાજીની મૂર્તિ ઉપરથી ઘરેણાં ગાયબ થયેલાં જોઇ ચોરી થઇ હોવાનો અંદાજ આવી જતાં ગ્રામજનોને જાણ કરી હતી. થોડીવારમાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો મંદિરે ઉમટી પડ્યાં હતાં. નવરાત્રિ સમયે જ ચોરીનો બનાવ બનતાં ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો હતો. આ અંગે ગામના ગોરધનભાઇ આશાભાઇ પટેલે વિરસદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આણંદમાં ભરબપોરે લૂંટથી ચકચાર

ભાસ્કર ન્યૂઝ.આણંદ

આણંદ શહેર પાસે આવેલા ગામડી ખાતે એકલાં જ રહેતાવિધવાને માર મારી એક ઈસમ 45 હજારના દાગીનાની લૂંટ કરી પલાયન થઇ જતાં ખળભળાટ મચી ગયો હતો.



ગામડી માં ભરબપોરે ઘરમાં પ્રવેશી એક યુવકે લૂંટ ચલાવતાં સનસનાટી મચી હતી.

ગામડી ખાતે સૂર્યનગર સોસાયટીમાં રહેતા થેરશિયાબહેન પાઉલભાઇ પરમાર છેલ્લા કેટલાક સમયથી એકલાં જ રહે છે. તેમના બે દીકરા વિદેશમાં રહે છે. જ્યારે એક દીકરીને તાજેતરમાં જ પરણાવી દીધી હતી. દરિમયાન 80 વર્ષના થેરશિયાબહને શનિવારે બપોરે પોણા ત્રણ વાગ્યે ઘરમાં એકલાં જ હતાં તે વખતે એક જયેશ નામનો યુવક તેઓના ઘરે આવ્યો હતો. આ યુવકે વસ્તી ગણતરી કરવા આવ્યો છે. તેમ કહી ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો. ઘરમાં આવેલા યુવક થેરશિયાબહેન પાણી લેવા જતાં હતાં તે તકનો લાભ લઇ અજાણ્યાં ઈસમ તેઓના માથામાં પાછળના ભાગે કોઇ પદાર્થ મારી દેતાં વૃદ્ધા બેભાન થઈને જમીન ઉપર ઢળી પડ્યાં હતાં. બાદમાં આ યુવકે તેઓના હાથ ઉપરથી સોનાની બે બંગડી અને ગળામાંથી સોનાની ચેઈન મળી કુલ 45 હજાર રૂપિયાની સોનાની લૂંટ કરી ફરાર થઇ ગયો હતો. તેના ગયાં બાદ વૃદ્ધા ભાનમાં આવ્યાં હતાં. તેઓએ આજુબાજુના રહીશોને જાણ કરી હતી. આજુબાજુના રહીશોએ આણંદ શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઇ તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસે વૃદ્ધાની ફરિયાદ આધારે લૂંટનો ગુનો નોંધ્યો હતો.

# 9 લાખની ચીલઝડપમાં વધુ 1 ઝબ્બે

### નડિયાદ પોલીસે આરોપી પાસેથી રૂ. 1.67 લાખ રીકવર કરાયાં

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

નડિયાદ વાણિયાવડ સર્કલ પાસે આવેલી રામકુંજ સોસાયટીના મકાનની બહાર એક મહિલાને ધક્કો મારી રૂ.9.20 લાખની ચીલઝડપના કેસમાં વધુ એક આરોપીને નડિયાદ પોલીસે ઝડપી પાડ્યો હતો. આ આરોપી પાસેથી રૂ.1,67,000નો મુદ્દામાલ પણ રીકવર કર્યો છે.

પોલીસ સૂત્રોએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, નડિયાદ કોલેજ રોડ પર આવેલાં રામકુંજ સોસાયટીમાં રહેતાં જીગીશાબહેન



તેજશભાઈ શાહે 9 મે, 2014ના રોજ બેંક ઓફ બરોડામાં મુકેલી એફડી તોડાવી રૂ.9.20 લાખ થેલીમાં મુકી પોતાનાં ઘર તરફ આવી રહ્યાં હતાં. આ નાણાં તેમણે પોતાની દીકરીનાં મેડિકલના એડમિશન માટે ઉપાડ્યાં હતાં. આ નાણાં લઈને જીગીશાબહેન તેમના પ્લેઝરની ડેકીમાં મૂકી ઘરે ગયાં હતાં તેઓએ પ્લેઝરને પાર્ક કરી ડેકીમાંથી નાણાં ભરેલી થેલી કાઢી હતી. આ સમયથી પાછળથી આવીને સરનામું પૂછવાના બહાને જીગીશાબહેનને ઊભાં રાખી એક ઈસમે થેલી ઝૂંટવી બાઈક પાછળ બેસીને નાસી ગયો હતો.

આ સંદર્ભે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે અમદાવાદની છારા ગેંગના બે આરોપીઓને આ ગુનામાં ઝડપી પાડ્યાં હતાં, જ્યારે વધુ એક આરોપી રાકેશ ઊર્ફે મુસીયો બંસીભાઈ બંગાળી (રહે. છારાનગર,અમદાવાદ)નાસતો ફરતો હતો. જેને અમદાવાદથી પોલીસે શુક્રવારે મોડી સાંજે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂ. 1,67,000 પણ કબજે લીધાં હતાં. પોલીસે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યાં છે.

# ફિણાવ સીમમાં બાઇક સ્લીપ થતાં એક યુવકનું કરુણ મોત

ભાસ્કર ન્યૂઝ . નડિયાદ

મહુધા તાલુકાના ફિણાવ ગામની સીમમાં રોડ પર ભુંડ આડું ઊતરતાં એક બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જેથી બાઈક પાછળ બેઠેલાં એક યુવકને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે કરમસદ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યાં મુજબ, મહુધા ખાતે રહેતા સમીર વોરા પોતાની પલ્સર બાઈક નં. જી.જે.07.સી.એચ-0840ની ઉપર 25મીના રોજ રાત્રિનાં 9:45 વાગ્યે રૂદણના સલીમભાઈ વોરાને બેસાડી પસાર થતાં હતાં. તેઓ ફિણાવ ગામની સીમમાંથી પસાર થતાં હતાં. તે વખતે રસ્તામાં ભુંડ આડું ઊતરતાં બાઈક સ્લીપ થઈ જતાં સમીરભાઈ તથા સલીમભાઈ રોડ પર પટકાયાં હતાં. સલીમભાઈ વોરાને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે કરમસદ કૃષ્ણ હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. 26મીના રોજ સલીમ વોરા (ઉં.વ.21)નું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

આ સંદર્ભે મકસુદભાઈ સિરાજભાઈ મન્સુરી (રહે.મહુધા) ની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.